એચ.આર.ટી-૧૩
ચાલુ બાબત સી.એસ.એસ.(૬૦:૪૦)
૨૦૧૮-૧૯ સુધારા ઠરાવ:

એચ.આર.ટી ૧૩ કેન્દ્ર પુરસ્કૃત મિશન ફોર ઇન્ટિગ્રેટેડ ડેવલપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર(MIDH), હેઠળની પેટા યોજના નેશનલ હોર્ટીકલ્ચર મિશન (SCSP) અંતર્ગત ગ્રીનહાઉસ/નેટહાઉસની સહાયની શરતો/બોલીઓ, સહાયનાં ધોરણોમાં સુધારો કરવા બાબત

ગુજરાત સરકાર
કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક: બગત/૨૦૧૭/૧૯૫૫/ક-૮
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૦/૦૭/૨૦૧૮

કૃષિ અને સહકાર વિભાગ
ક્રમાંક.
- 2 AUG 2018
૩૮

**વંચાણે લીધા:**

૧. કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૦૪/૦૪/૨૦૧૮ ઠરાવ ક્રમાંક:બગત/૨૦૧૭/૧૯૫૫/ક-૮

૨. બાગાયત નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરના તા.૨૩/૦૩/૨૦૧૮ પત્ર ક્રમાંક:બગત/બ-૯/૧-૧૮/ ૩૯૮૪-૮૫/૨૦૧૮

**આમુખ :-**

૧. કેન્દ્ર પુરસ્કૃત મિશન ફોર ઇન્ટીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર (MIDH)ની પેટા યોજના નેશનલ હોર્ટીકલ્ચર મિશન ( કેન્દ્ર પુરસ્કૃત પ્લાન ૬૦:૪૦) એચ.આર.ટી-૧૩ ને ભારત સરકારના હીસ્સા પેટે રૂ. ૫૪૬.૦૦ લાખ અને રાજ્ય સરકારના હીસ્સા પેટે રૂ. ૩૬૪.૦૦ લાખ એમ મળીને કુલ રૂ. ૯૧૦.૦૦ લાખની ચાલુ બાબત તરીકે વંચાણે લીધા ક્રમાંક:૧ મુજબનાં આ વિભાગનાં તા. ૦૪/૦૪/૨૦૧૮નાં ઠરાવથી વહીવટી મંજુરી આપવામાં આવેલ છે અને યોજનાની શરતો, બોલીઓ અને સહાયનાં ધોરણો નિયત કરેલ છે.

૨. કેન્દ્ર પુરસ્કૃત મિશન ફોર ઇન્ટીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર (MIDH)ની પેટા યોજના નેશનલ હોર્ટીકલ્ચર મિશન ( કેન્દ્ર પુરસ્કૃત પ્લાન ૬૦:૪૦) એચ.આર.ટી-૧૩ હેઠળ ગ્રીનહાઉસ/નેટહાઉસની સહાય શરતો/બોલીઓ, સહાયનાં ધોરણોમાં સુધારો કરવા વંચાણે લીધા ક્રમાંક :૨ મુજબનાં તા.૨૩/૦૩/૨૦૧૮નાં પત્રથી બાગયત નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરે યોજનાનાં પરિશિષ્ટ-૨ સહાયના ધોરણોના અ.નં B- ૫ રક્ષિત ખેતીનાં (૧) ગ્રીન હાઉસના માળખા માટે (અ) ફેન અને પેડ સીસ્ટમ (બ) કુદરતી વેન્ટીલેટેડ સીસ્ટમ (૧) નળાકાર સ્ટ્રક્ચર તથા (૨) શેડ નેટ હાઉસ (૧) નળાકાર સ્ટ્રકચરનાં ધોરણોનાં " ક્રેડીટ લિંક્ડ બેક એન્ડેડ સહાય " નો ઉમેરો કરવા દરખાસ્ત કરેલ છે.

**ઠરાવ:-**

૩. સરકારશ્રીએ કાળજીપૂર્વકની વિચારણાનાં અંતે કેન્દ્ર પુરસ્કૃત મિશન ફોર ઇન્ટીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર (MIDH)ની પેટા યોજના નેશનલ હોર્ટીકલ્ચર મિશન ( કેન્દ્ર પુરસ્કૃત પ્લાન ૬૦:૪૦) એચ.આર.ટી-૧૩ ઠરાવનાં પરિશિષ્ટ-૨, નેશનલ મીશન ઓન ઇન્ટ્રીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર: નેશનલ હોર્ટીકલ્ચર મીશન માટેનાં સહાયનાં ધોરણોનાં અનુક્રમ નંબર B-૫ સામેના ઘટક રક્ષિત ખેતી (૧) ગ્રીન હાઉસના માળખા માટેનાં અ) ફેન અને પેડ સીસ્ટમ, બ) કુદરતી વેન્ટીલેટેડ સીસ્ટમ 1) નળાકાર સ્ટ્રક્ચરનાં સહાયનાં ધોરણોના કોલમનં-૩માં સુધારો કરી નીચે મુજબનું ઠરાવવામાં આવે છે.

| અ.નં | ઘટક | સુધારેલ સહાયના ધોરણો |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| B-5 | રક્ષિત ખેતી<br>(૧) ગ્રીન હાઉસના માળખા માટે | |

ક્રમશ: પાને

| | | |
|---|---|---|
| | અ) ફેન અને પેડ સીસ્ટમ | ખર્ચના ૫૦ % , લાભાર્થી દીઠ ૪૦૦૦ ચો.મીની મર્યાદામાં.<br>મહત્તમ એકમ ખર્ચ<br>• રૂ. ૧૬૫૦/- / ચો.મી (૫૦૦ ચો.મી. સુધીનાં વિસ્તાર માટે)<br>• રૂ. ૧૪૬૫/- / ચો.મી (>૫૦૦ / .મી થી ૧૦૦૮ ચો.મી સુધી)<br>• રૂ. ૧૪૨૦/-/ ચો.મી (> ૧૦૦૮ ચો.મી થી ૨૦૮૦ ચો.મી સુધી)<br>• રૂ. ૧૪૦૦/-/ ચો.મી(>૨૦૮૦ ચો.મીથી ૪૦૦૦ ચો.મી સુધી )<br>ઉપરોક્ત સહાય ડુંગરાળ વિસ્તાર માટે ૧૫ ટકા વધારે રહેશે.<br>• એમ્પેનલ થયેલ કંપનીઓ દ્ધારા બનાવવાનું રહેશે<br>• ૨૦૮૦ ચો.મી થી ૪૦૦૦ ચો.મી સુધીનાં સ્ટ્રક્ચર માટે ક્રેડિટ લિક્ટ બેક એન્ડેડ સહાય |
| | બ) કુદરતી વેન્ટીલેટેડ સીસ્ટમ | |
| | ૧) નળાકાર સ્ટ્રક્ચર | ખર્ચના ૫૦ % , લાભાર્થી દીઠ ૪૦૦૦ ચો.મીની મર્યાદામાં.<br>મહત્તમ એકમ ખર્ચ<br>• રૂ. ૧૦૬૦/- / ચો.મી(૫૦૦ ચો.મી. સુધીનાં વિસ્તાર માટે)<br>• રૂ. ૯૩૫/-/ ચો.મી(>૫૦૦ / ચો.મી થી ૧૦૦૮ ચો.મી સુધી)<br>• રૂ. ૮૯૦/-/ ચો.મી(> ૧૦૦૮ ચો.મી થી ૨૦૮૦ ચો.મી સુધી)<br>• રૂ. ૮૪૪/-/ ચો.મી(>૨૦૮૦ ચો.મીથી ૪૦૦૦ ચો.મી સુધી )<br>ઉપરોક્ત સહાય ડુંગરાળ વિસ્તાર માટે ૧૫ ટકા વધારે રહેશે.<br>• એમ્પેનલ થયેલ કંપનીઓ દ્ધારા બનાવવાનું રહેશે.<br>• ૨૦૮૦ ચો.મી થી ૪૦૦૦ ચો.મી સુધીનાં સ્ટ્રક્ચર માટે ક્રેડિટ લિક્ટ બેક એન્ડેડ સહાય |
| | ૨. નેટહાઉસ | |
| | (૧) નળાકાર સ્ટ્રક્ચર | લાભાર્થી દીઠ ખર્ચના ૫૦ %, ૪૦૦૦ ચો.મી ની મર્યાદામાં<br>• મહત્તમ એકમ ખર્ચ રૂ. ૭૧૦/ચો.મી તથા ડુંગરાળ વિસ્તાર રૂ. ૮૧૬/ ચો.મી રહેશે.<br>• એમ્પેનલ થયેલ કંપનીઓ દ્ધારા બનાવવાનું રહેશે.<br>• ૨૦૮૦ ચો.મી થી ૪૦૦૦ ચો.મી સુધીનાં સ્ટ્રક્ચર માટે ક્રેડિટ લિક્ટ બેક એન્ડેડ સહાય |

આ યોજનાની અન્ય શરતો , બોલીઓ અને સહાયનાં ધોરણો અને વિગતો મૂળ ઠરાવ મુજબ યથાવત રહેશે.આ સુધારા ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાવિભાગની તા. ૨૧/૦૬/૨૦૧૮ અને અધિક મુખ્ય સચિવશ્રી(કૃષિ)ની તા. ૨૧-૦૬-૨૦૧૮ની અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(ભરત પટેલ)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

૧ મિશન ડાયરેક્ટર ( NHM ) અને સંયુક્ત સચિવશ્રી, ભારત સરકાર, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર મંત્રાલય, કૃષિ ભવન, નવી દિલ્હી

૨. રાજ્ય મિશન ડાયરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ અધિકારી, ગુજરાત હોર્ટીકલ્ચર મિશન , ગાંધીનગર

૩. બાગાયત નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

૪. સંયુક્ત બાગાયત નિયામકશ્રી, વડોદરા/રાજકોટ

૫. નાયબ બાગાયત નિયામકશ્રી, ગુજરાત હોર્ટીકલ્ચર મિશન હેઠળના સર્વે જિલ્લા અધિકારી

૬. એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ

૭ સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ

૮ પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ

૯ કૃષિ ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગની નાણાં શાખા, બજેટ શાખા, આયોજન શાખા, આઈ ટી શાખા, સચિવાલય, ગાંધીનગર

૧૦ નાયબ સેક્શન અધિકારી- સીલેક્ટ ફાઈલ

૧૧ શાખા સીલેક્ટ ફાઈલ